

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ટ્યુશન કલાસીસ ને ટેસડો કરાવે ચૂંટણી!*
*ડૂબતો ફિલ્મ ઉદ્યોગ - તરાપે ચૂંટણી !*
*ડરાવે વિદ્યાર્થીને પરીક્ષાની બુઠ્ઠી તલવારે -*
*નેતાઓને બહાને કોરોનાને હરાવે ચૂંટણી...*
*('રામ' નામે પથરા પણ તરી ગયા!)*

હાઈકુ

*પીએ છે પાણી -*
*શેરડી ને સહારે -*
*એરંડા પણ...*

*લડાવ્યો ખૂબ -*
*ને આંખ બતાવી તો -*
*થ્યો ચેપ ચૂપ!!*

*(ચૂંટણીની સોટી વાગે ચમચમ ને મુક્તિ મળે રૂમઝૂમ)*

### ચિંતન

*યત્પ્રાપ્ય ન કિંચિત્ વાંછતિ ન શોચતિ*
*ન દ્દષ્ટિ ન રમતે નોત્સાહી ભવતિ ॥*

ઉપરોક્ત શ્લોક ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે (ભક્તિ) મેળવવાથી મનુષ્ય કાંઈ જ ઈચ્છતો નથી, કશાનો શોક કરતો નથી, કોઈનો દ્વે, કરતો નથી, વિષયોમાં આનંદ મેળવતો નથી, અથવા તો તે સ્વાર્થમાં પ્રવૃત્ત થતો નથી.

ભક્તને હવે કાંઈ જ ઈચ્છા રહેતી નથી. એની બધી જ ઈચ્છાઓ પરિપૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રેમરૂપા ભક્તિરૂપી દુર્લભ વસ્તુની સામે આ વિશ્વની સામાન્ય ચીજો એને મન તૃણવત્ બની જાય છે. એ જાણે છે કે આ દુન્યવી વસ્તુઓ અનિત્ય છે અને તેથી તેને તેમાં કોઈ રસ હોતો નથી.

માનવીને ઈચ્છા શા માટે થાય છે ? કારણ કે તેનામાં અપૂર્ણતા, અજ્ઞાનતા અને અવિદ્યા છે. જેવા તેને ભગવાનના દર્શન થાય છે કે તે જ ઘડીએ તેની બધી જ ઈચ્છાઓ બળીને ખાક થઈ જાય છે. શોક તો મનનું કારણ છે જે શોક આસક્તિમાંથી જન્મે છે. ભક્તને મન જેવી કોઈ વસ્તુ રહેતી જ નથી, કારણ કે તે તો ભગવાનમાં લય પામી ગયું હોય છે.

### સુવિચાર

- ફક્ત એક ચાંદ ગવાહ થા, મેરી બે ગુનાહી કા,
  ઔર અદાલત ને પેશી અમાવસ કી રાત મુકરર કરદી - **મોઈન નાસીર**
- જયારે સમય, સંજોગ અને સંબંધ સાથે મળીને થપ્પડ મારે છે
  ત્યારે જિંદગીનો મોટામાં મોટો અનુભવ થાય છે - **જીવન પાથેય**
- ક્રોધ સમુદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો છે - **શેક્સપિયર**
- અજગરે દેડકાને અડધો ગળી લીધો હોય તો પણ દેડકો માખી ખાતો હોય છે,
  એ જ રીતે તૃષ્ણાથી અંધ પુરુષ અવસ્થા થઈ હોવા છતાં વિષયનું સેવક કરતો રહે છે - **શંકરાચાર્ય**
- તમારી કિંમત ત્યાં સુધી જ છે જયાં સધી તમારી પાસે એવું કંઈક છે
  જે પૈસાથી ખરીદી શકાતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા પર દુ:ખ કે આપત્તિ એટલા માટે આવે છે કે
  તમે અંદરના વૈકુંઠનો અનુભવ કરી શકો - **સ્વામી રામતીર્થ**
- આજનું ઔષધ : ચંદનના પાઉડર સાથે ગુલાબ જળ ઉમેરી તે પેસ્ટ ચહેરા પર સવાર-સાંજ લગાડવાથી ઘાના નિશાન તથા ડાર્ક સર્કલમાં વીસ દિવસમાં ફેર પડી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક જંગલના રાજા સિંહને બાજુના જંગલમાં વસતા સિંહ સાથે યુદ્ધ કરવાની નોબત આવી પડી. સિંહના એક મંત્રી શિયાળે સિંહને સલાહ આપતાં કહ્યું, 'આ યુદ્ધમાં આપણે ગધેડાને અને સસલાંને સમાવેશ કરવાના નથી. કારણ કે ગધેડા જેવું મૂર્ખ પ્રાણી એકેય નથી એની મૂર્ખામી આપણને યુદ્ધમાં ભારે પડી શકે છે. અને સસલું સાવ નાજુક છે એનું રણભૂમિમાં કોઈ ઉપયોગીતા નથી અને સસલાનું ગજું શું ?'

રાજા સિંહે કહ્યું, 'ગધેડાની ખાસિયત પ્રમાણે એને આપણે રણશિંગુ ફૂંકવાના કામમાં લઈશું કારણ કે એના પ્રચંડ અવાજથી વાતાવરણ ગજવી મૂકી તેવા બુલંદ સ્વરનો તે માલિક છે અને સસલું ઝડપથી એક જગ્યા એથી બીજી જગ્યાએ દોડીને જઈ શકે છે એટલે આપણે સસલાને સંદેશાવાહક તરીકેની ફરજ સોંપીશું. આપણે રણભૂમિમાં વિજેતા બનવું હોય તો દરેકની પાસે જે કંઈ સારું હોય તેનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ.'

સિંહની આવી રણનીતિ મુજબ એ જંગમાં ઉતર્યો અને બાજુના જંગલમાં રાજાને હરાવીને ફતેહ મેળવી.

# ચૂંટણી લડવા માટેના વિવાદિત ધારાધોરણ

**તંત્રીસ્થાનેથી...**

ભારતનું બંધારણ પુખ્તવયના ભારતના નાગરિકને અઢાર વર્ષથી મતદાન અને પચ્ચીસ વર્ષે વિધાસનભા કે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી માટે લાયક ગણે છે. મ્યુનિસિપાલિટી એક્ટ મુજબ એકવીસ વર્ષે ઉમેદવારી કરી શકાય છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પાર્ટીમાં નવું લોહી ઉમેરવા માટે ઉમેદવારી માટેની ઉપરની વયમર્યાદા બાંધી દીધી છે. એ મુજબ સાઠ વર્ષથી વધુ ઉંમરવાળા ટિકિકવાંછુઓ બાકાત થઈ ગયા છે અને એથી પાર્ટીમાં ઘણી જગ્યાએ વિદ્રોહની સ્થિતિ સરજાવા લાગી છે. પાટીલે પાર્ટીના કાર્યકર્તાઓના વ્યાપક હિતમાં ચાલુ ધારાસભ્યો કે અન્ય હોદેદારોનાં સગાંવહાલાંને પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ટિકિટ નહીં આપવાનો એમને જાહેર કરેલો નિયમ મહદંશે પાળ્યો છે. કેટલાક અપવાદો જરૂર બહાર આવ્યા છે અને મધુ શ્રીવાસ્તવ જેવા માથાભારે ધારાસભ્યે તો પોતાના પુત્રને પાછલી બારીથી ટિકિટ અપાવવાની અથવા અપક્ષ કે અન્ય પાર્ટીમાંથી ઉમેદવારી કરાવવાની ચોખ્ખી ધમકી આપી છે. ત્રીજો મુદો ઉમેદવારની જીતવાની ક્ષમતા સંદર્ભે છે. બે વાર ચૂંટણી હારી ગયેલા કાર્યકર્તાઓ માટે ટિકિટ મેળવવાનો સ્કોપ નથી. આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ પાર્ટી આવા ધારાધોરણો જ લાગુ કરવા કૃતસંકલ્પ છે. ઉંમરમાં પાંચેક વર્ષનો વધારો માન્ય ગણી ૬૫ થી ૭૦ વર્ષની મર્યાદા બાંધવાની ગણતરી છે. આમ જુઓ તો આ વહેવારું અભિગમ છે. અમુય વય પછી સરકારી નોકરિયાતોની જેમ સરકાર ચલાવતા નેતાઓ પણ રિચાયર થઈ જાય તો એથી વિધાનસભા કે મંત્રીમંડળ સક્ષમ, કાર્યદક્ષ અને ઉર્જાવાન બનશે. યુવાનોને રાજકારણમાં વધુ રસ પડશે. જો કે આવી દલીલ પણ થઈ શકે કે 'ઘરડા ગાંડા વાળે!' એમના અનુભવનો લાભ લેવો હોય તો એમના માટે પંચાયતથી લઈ સંસદ સુધીનં બારણાં ખુલ્લાં રાખવા પડશે. આપણા સિનિયર નેતાઓએ ઘણો ઉત્તમ વહીવટ કરી બતાવ્યો છે. મોરારજીભાઈ દેસાઈ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, લાલ બહાદુર શાસ્ત્રી કે ઈંદિરા ગાંધી જીવનના અંતપર્યંત સત્તા સ્થાને રહ્યા અને દેશમાં જ નહીં, દુનિયામાં ડંકો વગાડી દીધો. અટલ બિહારી વાજપેયી શારીરિક રીતે સક્ષમ નહોતા રહ્યા છતાં વડાપ્રધાન તરીકે સફળ રહ્યા. એ વડાપ્રધાન પદના છેલ્લા દૌર દરમિયાન પોખરણમાં અણુવિસ્ફોટને અંજામ આપતા હતા ત્યારે પંચોત્તેર પાર કરી ચૂક્યા હતા. ઉંમરને અલબત્ત 'કાર્યક્ષમતા' સાથે સંબંધ છે, પણ 'કાર્યદક્ષતા' મોટી ઉંમરે પણ અકબંધ રહી શકે છે. કેશુભાઈ પટેલ એનું હાથવગું ઉદાહરણ હતા. વર્તમાન ભાજપ પ્રદેશ પ્રમુખની ઉંમર ફોર્મ્યુલા નવી નથી. અગાઉ કોંગ્રેસ પણ ઉંમરનાં ધોરાધોરણો ટિકિટ વહેંચણીમાં અંશતઃ લાગુ કરતી રહી છે. સંજય ગાંધી અને રાજીવ ગાંધીએ યુવાનો અને મહિલાઓને વધુ તક આપવાનો પ્રયાસ કર્યો હતો. એમના સમયમાં ગુલામ નબી આઝાદ, હમણાં જન્નતનશીન થયેલા અહમદ પટેલ, રાષ્ટ્રીય કક્ષાએ નેતાઓ તરીકે નામ કમાઈ શક્યા છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાંબી દાઢીને લીધે વૃદ્ધ લાગે છે પણ કાર્યદક્ષતામાં યુવાનોને શરમાવે તેટલા સક્ષમ છે. એ જ રીતે કોઈ નેતાના સગા હોવું એ ગુનો નથી. નેતાના સગા માટે તો ઊલટાની જીતવાની ક્ષમતા વધી જાય છે. કારણ કે એના માટે અગાઉથી ગ્રાઉન્ડ ક્લિયર હોય છે. ઉંમર, સગપણ અને વિજય ક્ષમતાને માપદંડ બનાવવાં તે રાજકારણની રૂએ કે વહેવારું દષ્ટિએ ઉચિત લાગે પરંતુ બંધારણીય રીતે એવાં ધારાધોરણો બાંધી શકાય નહીં. ભારતીય જનતા પાર્ટી 'હિંદુત્વ' કાર્ડને ધાર કાઢવા માટે મુસ્લિમોને ટિકિટ નથી આપતી એથી કંઈ મુસ્લિમોનો ઉમેદવારી કરવાનો અધિકાર લોપાતો નથી. તેઓ અન્ય પાર્ટીના કે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી શકે છે. પચાસ વખત હારેલો ઉમેદવાર એકાવનમી વાર ઉમેદવારી કરવા માગે તો બંધારણ એને રોકશે નહીં. એ જ રીતે સો વર્ષ વટાવી ચૂકેલાં, હાલી ચાલી કે બોલી નહીં શકતા ભારતીય નાગરિકને પણ પંચાયતથી લઈ રાષ્ટ્રપતિ પદ સુધીની ઉમેદવારી કરવાનો બંધારણીય અધિકાર છે. રાજકીય પાર્ટીઓ સત્તાલક્ષી ધારાધોરણો ઊભાં કરે છે. બની શકે કે એથી એમના જ સિનિયર કાર્યકર્તાઓના અસંતોષનો સામનો કરવો પડે.

# આને ખરેખર ઊંબાડિયું મૂક્યું જ કહેવાય !



### આરપાર

રાઘવજી માધડ

પછી તેઓએ સ્પષ્ટતા કરતા કહ્યું: 'હું કોઈના જીવનમાં ઊંબાડિયું મૂકવાનું નથી કહેતો પણ ઊંબાડિયું ખાવાનું કહું છું !' ત્યાં સામે નવાઈ સાથે બોલ્યા : 'પણ ઊંબાડિયું ખાવાનું હોય એવું પહેલીવાર સાંભળ્યું !'

'દક્ષિણ ગુજરાતના નવસારી વિસ્તારમાં, ખાસ શિયાળામાં આવું ઊંબાડિયું બનાવવામાં આવે છે.' વિગત કરતા કહ્યું: 'કલાર વેલમાં અમુક કંદમૂળ અને શાકભાજીને જરૂરી મસાલા સાથે માટલામાં રાખી બાફવામાં આવે... પોષ્ટિક અને સ્વાદિષ્ટ બને છે !' સંવાદ આગળ ચાલ્યો: 'આપણે ત્યાં પણ માટલા ઊંધિયું પણ બનાવવામાં આવે છે. તેમાં ખાસ તો વાસણમાં માટલું હોય અને તેમાં બાફવામાં આવે એટલે બાફેલો ખોરાક સારો બને.'પણ મૂળ વાતનું અનુસંધાન કરતા કહ્યું: 'પણ કોઈના જીવનમાં ઊંબાડિયું મુકવામાં આવે તો ભર્યું ભાદર્યું જીવન સળગી જાય,તળ મૂળમાં લ્હાય લાગી જાય !' એકનો અર્થ તન પુષ્ટ કરવાનો અને બીજાનો અર્થ મન ક્લિષ્ટ કરવાનો...શબ્દ તો એક જ છે પણ તેમાં ક્રિયાપદ બદલાય અને જોતજોતામાં અનર્થ સર્જાય ! આપણે સાંજ સુધીમાં જાણ્યે-અજાણ્યે આવા અનેક શબ્દનો ઉપયોગ કરતા હોઈએ છીએ.

'આવું એક પકવાન વરાળિયું પણ બને...' પછી વિવરણ કરતા કહ્યુ : 'જેમાં તમામ શાકભાજી લઇ, તેને બે-કલાક પાણીમાં બાફવા આવે... ને છેલ્લે સાવ પાણી થઈ જાય...' સામે કહ્યું: 'તેનો સ્વાદ પાણી જેવો જ થતો હશે ને !' સહેજ હસીને જણાવ્યું : 'ના, એ પણ પોષ્ટિક અને સ્વાદિષ્ટ બને..!' દરેક પ્રદેશની ઋતુ મુજબની ખાસ વાનગીઓ હોય છે. તેનો ટેસ્ટ બેસ્ટ હોય છે.જે સમયોચિત માણવો રહ્યો. નહિતર ઘણીવાર એવું બને કે, ગુજરાત બહાર જઈ ત્યાં ગુજરાતી ખાણું,ડીશ માંગીએ અને અહીં ગુજરાતમાં પંજાબી વાનગીના ચટકા લેવા જીવ લલચાય... પરિણામે કોઈનો અસલી સ્વાદ ન મળે.

વરસ દરમ્યાન દરેક ઋતુનું પોતીકું સૌંદર્ય મહત્વ હોય છે.આપણે સદનસીબ છીએ આવી ત્રિવિધ ઋતુનો સાક્ષાત્કાર માણી શકીએ છીએ. પણ તેમાં શિયાળો હુંફાળો અને સ્વજન જેવો પ્રિય લાગે છે. તેના આગમન સાથે જ માણસ આરોગ્યવર્ધક ઉપક્રમમાં લાગી જાય છે. જાતજાતના ઘરેલું પકવાન થકી શરીરને મજબૂતી આપવાનું સમજે છે.બજારમાં પણ એવું ઘણું વસાણું આવી જાય છે.જે ખરીદીને લોકો સ્વાદની અપેક્ષા સાથે આરોગે છે.સાથે સાથે કસરત અને મોર્નિંગવોકનું મહાત્યમ વધી જાય છે. આજકાલતો નગરમાં સાયકલિંગનો ક્રેઝ વધવા લાગ્યો છે. જે સાયકલ એક સમયે પરિવહન માટેનું સહજ હાથવગું સાધન હતું.

ઉચ્ચ અભ્યાસે, ડીગ્રીએ જાત મહેનત ઝિંદાબાદને નેસ્તનાબૂદ કરી નાખી. જાતે-હાથે કરી શકાય એવા કામ કરવામાં નાનપ અનુભવવા લાગ્યા.હું વેલ એજ્યુકેટેડ, હોદ્દાધારી છું આ..કે આવું કામ મારાથી ન થઈ શકે અથવા કરી ન શકાય એવું ભૂસું ભરાય જાય... જેથી રૂટીન લાઈફ લગભગ બેઠાડું હોય અથવા રાખીએ છીએ. ખાસ કારણ સિવાય ખુરશીમાંથી ઊભા થવાની જરાય તસ્દી ન લઈએ. ઘરમાં પણ કોઈ કામ હાથે ન કરીએ ને પછી કસરત કરવા નીકળીએ ! સાદી કે સામાન્ય કસરત રોજિંદા જીવનનો ભાગ ન બને... ને પછી કસરત માટે ખાસ સમય ફાળવવો પડે ! આ કદાચ સ્ટેટ્સ સિમ્બોલ હોય... તો તેનો કોઈ ઉપાય નથી.પણ એવું ન હોયતો દિવસભરમાં ઘણાં કામ જાતે કરી શકીએ એવા હોય છે અને ન હોયતો ઉભું થવું પડે એવા કામ ઊભા કરી શકાય.ખુરશીમાં જકડાઈ કે પકડાઈ ન રહેતા શરીરને થોડું ગતિમાન પણ કરી શકાય. તન સાથે મનને મોકળાશ મળે. જેથી કસરત માટે સમય ફાળવવાનો મુદ્દો ન પણ બને.

'ભલે ન સ્વીકારો પણ આવું કહી, ખરેખર ઊંબાડિયું જ મૂક્યું કહેવાય !' પછી સહેજ મોં બગાડીને

આગળ કહ્યું: 'સમજે તે માણસ સળગી ઉઠે !'સામે જવાબમાં જણાવ્યું: 'ના ભાઈ,ઊંબાડિયું તનનો ખોરાક છે તો આ સમજ એ મનનો ખોરાક...તેમાં સળગવું કે સમજવું એ વ્યક્તિએ નક્કી કરવાનું હોય !'

**છેલ્લે :**

શિયાળામાં મેથીપાક મઝાનો લાગે પણ જેણે એ મેથીપાક ચાખ્યો હોય તેને જ સમજાય!

http://raghavjimadhad.blogspot.com

# તક માત્ર દ્વાર ખખડાવે છે : ખોલવા તો આપણે જ પડે છે



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા જીવનમાં આપણી સફળતા કે નિષ્ફળતાનો આધાર આપણો સ્વભાવ જ હોય છે. કેમ કે સ્વભાવથી જ આપણે લોકોને જીતી શકીએ છીએ કે લોકોની નજરમાંથી ઉતરી શકીએ છીએ. જીવનમાં મોટેભાગે આપણે આપણી જ આદતોનો શિકાર બનતા હોઇએ છીએ. અને આવી આદતો આપણી પરિસ્થિતિ પર આધારિત હોય છે. મધ્યમવર્ગીય વ્યક્તિની માથે જે પારિવારિક જવાબદારીઓ હોય છે. તે સરખી રીતે પરિપૂર્ણ થતી હોતી નથી જેને કારણે વ્યક્તિ સ્ટ્રેસમાં આવી જાય છે અને કોઇપણ કૂટેવનો, વ્યસનનો શિકાર બની જાય છે. અને ધીમે ધીમે એ કૂટેવ - વ્યસન એના ઉપર હાવી થતું જાય છે.

આપણા સૌના જીવનમાં દૂર્ભાવવાળી સ્થિતિ આદત, કૂટેવ, વ્યસન, ગુસ્સો, નફરત, શંકા... વગેરે નકારાત્મક ભાવના ફેલાવે છે. આપણે એના પ્રભાવમાં એટલા બધા આવી જઇએ છીએ કે આપણું ઉચ્ચ શિક્ષણ પણ એને દૂર કરી શકતું નથી. કારણ કે શિક્ષણ એ બહારથી, પુસ્તકોમાંથી મેળવેલું જ્ઞાન છે જ્યારે આવી નકારાત્મકતા આપણા સ્વભાવ સાથે જ સીધી વણાઇ જાય છે. જેમાંથી છૂટવું ખુબ જ અઘરું હોય છે. આવી સ્થાયી સ્થિતિનો ભોગ બનીને આપણે મોટેભાગે જીવનમાં જે છે તેનો સ્વીકાર કરીને કંઇક નવું કરવાની શક્તિ, સમજ અને ધૈર્ય ગુમાવી બેસીએ છીએ. આને કારણે આપણે ખુદ જાણતા નથી હોતા પણ આપણે આપણી જ પરિસ્થિતિના ગુલામ થઇ જઇએ છીએ. આપણે જે કામ નોકરી કે ધંધો કે પ્રવૃત્તિઓ કરતા હોઇએ છીએ એમાં જ આપણું જીવન પુરું થઇ જતું હોય છે. પછી એ સંઘર્ષ, પીડા, દુ:ખ અને વારંવાર મળતી નિષ્ફળતાની આદત પડી જતી હોય છે. આવી દરેક વ્યક્તિ અંદરથી હારી જાય છે, તૂટી જાય છે. અંદરનું સાહસ, જોમ, જુસ્સો, નીડરતા બધુ જ નાની ઉંમરે ગુમાવી દે છે. બહારથી માત્ર એનું શરીર અને સ્વભાવની જડતા જીવતા હોય છે. આવી વ્યક્તિઓ પોતે તો સુખી થઇ શકતી નથી પણ પોતાના પરિવારને પણ સુખ આપી શકતી નથી. અને પરિવારના બાળકોને સારું શિક્ષણ આપી શકતી નથી હોતી.

સમગ્ર જીવનને સફળ બનાવવા બે બાબત ખુબ જ અગત્યની છે. સૌ પ્રથમ તો જીવનમાં આવતી 'તક' ને ઓળખવી અને પછી યોગ્ય નિર્ણય લેવો અને કાર્ય કરવું. પરંતુ મોટાભાગની વ્યક્તિઓ પોતાના જીવનમાં આવનાર તકને ઓળખી શકતી હોતી નથી. કેમ કે કોઇ નવી તક આવે એ પહેલા આપણે એ જ પ્રકારના કાર્યમાં અગાઉ નિષ્ફળ ગયા હોઇએ તો એ પૂર્વાનુભવને આધારે નવું કામ કરવા માટે પ્રેરિત થતા નથી. દા.ત. સ્કૂટર ચલાવવાનું શીખતી વખતે જો કોઇ અકસ્માત થાય તો પછી આપણે ક્યારેય સ્કૂટર કે કાર ચલાવવાનું શીખતા હોતા નથી. મનમાં એક ડર બેસી જાય છે. કોઇ એક બિઝનેશમાં નિષ્ફળ થયા તો ફરીથી એ બિઝનેશ કરવાનું સાહસ આપણામાં હોતું નથી. અને જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને કોઇ સામાન્ય નોકરીમાં લાગી જઇને જિંદગીને એક રૂટિનમાં બાંધી દઇએ છીએ. અને નકારાત્મક દૂર્ભાવવાળી સ્થિતિનો સ્વીકાર કરીને નિમ્નસ્તરની જીવનની સ્થિરતાના ગુલામ બની જઇએ છીએ. જીવન સામે કે પરિસ્થિતિ સામે લડવાની હિંમત કે સાહસ ગુમાવી દઇએ છીએ. અને બરાબર આવા જ સમયે વ્યક્તિ સામે નવી 'તક' આવતી હોય છે. જો એ સમયે આપણા પૂર્વાનુભવને બાજુ પર રાખીને થોડું સાહસ કરીને આવેલી નવી તકને ઓળખીને યોગ્ય નિર્ણય કરવામાં આવે તો જીવન બદલાઇ શકે છે. બાકી સમય પાસે એટલો સમય નથી હોતો કે એ આપણને ફરીથી સમય આપે. એક વખત જે સમય વિતી ગયો છે. તે વિતી ગયો છે. તે ફરી જીવનમાં પાછો આવતો નથી. સમય દરેક વખતે આપણી સામે જુદો જ આવે છે. આપણે એને એક રીતે પસાર કરીને નિષ્ફળ બનીએ છીએ. એ નિષ્ફળ જવાના કારણો વિશે વિચાર્યા વિના આપણે ભાગ્યનો કે સ્થિતિનો કે સમયનો દોષ કાઢીએ છીએ. પરંતુ આપણા પોતાનો સ્વભાવ કે આદતો કે વિચારો કે આપણામાં રહેલી અસમજણ વિશે કદી વિચારતા જ નથી. દુનિયાની દરેક વ્યક્તિ સફળ કે નિષ્ફળ માત્ર અને માત્ર પોતાના સ્વભાવ, આદત, વિચાર અને સમજણથી થતી હોય છે. ગમે તેવી પરિસ્થિતિ ગમે ત્યારે બદલાઇ શકે છે.

એક સત્ય એ પણ છે કે દરેક વ્યક્તિ એની સમજણ, સ્વભાવ અને સ્થિતિના લેવલનું જ કમાઇ શકે છે. વ્યક્તિના વ્યક્તિત્વથી જ ખબર પડી જાય કે તે કેટલા કમાતો હશે. કેમ કે વ્યક્તિની આવક પ્રમાણે એનું બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વ વિકસતું હોય છે. તેથી જો જીવનમાં ખુબ જ કમાવું હોય તો પહેલા એ પ્રમાણેનું વ્યક્તિત્વ બનાવવું પડે. મહિને લાખ રૂપિયા કમાવવા હોય તો જે લોકો મહિને લાખ રૂપિયા કમાય છે એના વ્યક્તિત્વનો અભ્યાસ કરો, એ કંઇ રીતે બોલે છે, કેવા કપડા પહેરે છે, કેવું વિચારે છે, કેવી રીતે બધા સાથે વ્યવહાર રાખે છે એ બધુ એની પાસેથી શીખવું જોઇએ. બાકી માનસિકતા સંકૂચિત રાખીએ સ્વભાવ શંકાશીલ રાખીએ તો આવક પણ સંકૂચિત જ હશે. જીવન અનેક પ્રકારની તકોથી ભરેલું છે. પ્રકૃતિ દરેક વ્યક્તિને જીવનમાં કંઇક કરવા માટે વારંવાર તકનું નિર્માણ કરતી હોય છે. પણ એ તકને ઓળખવી એ દરેક વ્યક્તિની પોતાની સમજણ ઉપર આધારિત હોય છે. અને આ સમજણ સ્વયંભૂ હોય છે. જે શિક્ષણ કે સંસ્કારથી આવતી નથી હોતી.

જીવનની સફળતાનો એક મોટો આધાર તમારી આસપાસનો માહોલ પણ હોય છે. તમે કેવા વાતાવરણની વચ્ચે, માહોલની વચ્ચે રહો છો એ પણ મહત્વનું છે. જો તમે સાવ અશિક્ષિત કે નિમ્નસ્તરના લોકોની વચ્ચે રહો છો તો તમારી માનસિકતા પણ એવી જ બનશે. અને ધારો કે વ્યક્તિની આર્થિક સ્થિતિ ખુબ નબળી છે એ રહે છે એની આસપાસનો માહોલ સારો નથી પણ એ વ્યક્તિ સારા માણસોની સાથે કામ કરીને પોતાની આસપાસનો નવો માહોલ બનાવી શકે છે. સારું શિક્ષણ, સારું વાંચન, સારા મિત્રોથી વિચારો બદલાય છે. આ રીતે પોતાના આખા પરિવારને નવા માહોલમાં લઇ જઇ શકાય છે. સિંહના બચ્ચાને પણ જો કુતરાંઓના બચ્ચાની વચ્ચે ઉછેરવામાં આવે તો એનો સ્વભાવ પણ કૂતરા જેવો જ થઇ જશે એ કુદરતી ક્રમ છે. પણ મોટાભાગની વ્યક્તિ આવું વિચારતી જ નથી. પોતાની જિંદગીની સાયકલને પેડલ મારી મારીને ચલાવ્યે જ રાખે છે. આવા લોકો એમ માનીને ખુશ રહે છે કે આપણી પાસે સાયકલ તો છે ને ? બીજા ઘણાની પાસે તો સાયકલ પણ નથી. આવી વિચારધારાને કારણે અનેક ટેલેન્ટવાળા યુવાનો – પરિવારો આખી જિંદગી સાયકલવાળી માનસિકતામાં જ પસાર કરી દે છે. એ નથી પોતાના સપના પુરા કરી શકતા કે નથી પોતાના પરિવારના, સંતાનોના સપના પુરા કરી શકતા. નથી બાળકોને સારું શિક્ષણ આપી શકતા પરિણામે બાળકોમાં પણ આવી જ માનસિકતા જન્મે છે.

જીવન અનેક સંભાવનાઓથી ભરેલું છે. એમાં અનેક પરિવર્તનો સંભવી શકે છે. રિલાયન્સના સ્થાપક ધીરુભાઇ અંબાણી કે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન કે સચિન તેંડુલકર કે ધોની કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોય, આ બધા એક સમયે કશુ જ નહોતા. આરંભે અનેક વાર નિષ્ફળ ગયા છે પણ તેમણે કદી પરિસ્થિતિ સામે હાર સ્વીકારી નથી. નિષ્ફળતાને સફળતાનું પગથિયું માનીને આગળ વધતા ગયા, નવા નવા સાહસો કરતા ગયા, જે તે ક્ષેત્રમાં ટકી રહ્યા, પુરી શ્રદ્ધાથી કામ કરતા રહ્યા, પરિણામે સફળતાના શિખરે પહોંચ્યા. આ સંસારમાં એવી શક્તિ જરૂર છે કે જો તમે સાચા દિલથી કાંઇ પણ કરો તો એમાં સફળતા મળે જ છે. પછી એ સપનું હોય કે સાહસ.

મિત્રો, દુનિયામાં એક પણ મહાન કે અમીર વ્યક્તિ એવી નથી કે જે આરંભે અનેકવાર નિષ્ફળ ના ગઇ હોય. જુદી જુદી મુશ્કેલીઓનો સામનો ના કર્યો હોય, નકારાત્મકતાનો, ટીકાઓનો ભોગ ના બની હોય – પણ છતાંય આ બધામાંથી પાર ઉતરીને એણે દુનિયામાં નામ રોશન કર્યું છે. જ્યારે જે સમયે આપણે આપણી પરિસ્થિતિનો સ્વીકાર કરી લઇએ છીએ તે જ દિવસથી આપણી હાર નિશ્ચિત થઇ જતી હોય છે. આપણું નસીબ પણ આપણને સીધે સીધુ સામે આવીને નથી કહેતું કે '' હું આવ્યું '' એ પણ કોઇ તક બનીને જ આવે છે. સારા સત્કર્મો કર્યા હોય તો એના બદલામાં ખુદ ઈશ્વર તમને ફળ આપવા નથી આવતો એ પણ કોઇ ''તક''ને જ તમારી સામે મોકલે છે. પરંતુ આપણે જ જો એ તકને ના ઓળખી શકીએ, એને ના સ્વીકારીએ તો ભાગ્ય કે ઈશ્વર પણ કશુ કરી શકતા નથી. ગરીબ ઘરમાં જન્મવું એ આપણું ભાગ્ય છે પરંતુ આખી જિંદગી ગરીબ રહીને ગરીબાઈમાં જ મરવું એ આપણું દૂર્ભાગ્ય છે. એના જવાબદાર માત્ર ને માત્ર આપણે જ છીએ. મિત્રો, ઈશ્વર આપણને સૌને જીવનમાં આવતી નવી તકોને ઓળખવાની શક્તિ આપે અને સૌનું જીવન સમૃદ્ધ બને.

- 9426060601.india@gmail.com

# જિંદગી... કૈસી યે પહેલી હાયે!



### રઝળપાટ

અજય ઉપાધ્યાય

અંગ્રેજીમાં ભલે ને કહેવત હોય કે 'લાઈફ તમને લેમન આપે ત્યારે લેમોનેડ બનાવવું' પણ હકીકતમાં લાઈફના લેમનના લેમોનેડ બનાવવા એટલા સહેલા છે જ નહીં, રિઝ્ન ? રિઝ્ન એ જ કે લાઈફનું કાઈ ઠેકાણું હોતું નથી મારા ભૈ...હિન્દી ફિલ્મના પેલા ફેમસ ડાયલોગની જેમ 'આદમી સોચતા કુછ હૈ...ઔર હોતા કુછ હૈ ..!' બસ આવું જ કઈક છે લાઈફનું. ગીતકાર યોગેશના 'પફેક્ટ શબ્દોને મન્નાડેએ બરાબર જ ગાયું કે' કભી યે હસાયે....કભી યે રૂલાયે...!' 'લાઈફનું કાઈ ઠેકાણું નહીં' આવું તો હું ને તમે દિવસમાં દસ વાર બોલતા હઈશુ અને સાલું લાઈફનું છે પણ એવું જ...! ચકડોળની જેમ કભી ઉપર કભી નીચે..! ઠરીને ઊભી રહે તો જિંદગી શેની હે...? જો કે ઘણા તો આનો પણ દાર્શનિક રીતે આનંદ લેતા હોય છે. 'અરે યાર, એકધારી જીંદગીની તો શું મજા ? એમાં તો ઉતાર-ચડાવ આવે તો જ મજા આવે... તો જ લાગે કે લાઈફ કટ રહી હૈ બાવ્વા...'

વાતમાં દમ તો છે જ હો કે..! સીધી - સરળ જેવી લાઈફમાં મોટાભાગે એકસાઈટમેંટ ગાયબ થઈ જાય. એમ લાગે કે રગશિયું ગાડું ગબડે જાય છે. એવું લાગે કે જાણે 'કટ રહી હૈ જિંદગી ઐસે, જૈસે કિસીકા ઇંતેજાર હી નહી હૈ' જો કે અહી ઇંતેજારનો અર્થ તમારે તમારી રીતે કાઢી લેવાનો પણ કહેના કા યહ હૈ કી આવી જિંદગી મોટાભાગે કંટાળાજનક પુરવાર થતી હોય છે. ખેર આ તો આપણે જીવતા જીવનની વાત થઈ ગઈ પણ વાત છે લાઈફના પ્રશ્નોની... લાઈફની પહેલીઓની... લાઈફના અણધાર્યા યુ-ટર્ન કે પછી શાર્પ ટર્નની...! એમ લાગે કે લાઈફમાં બધુ સ્મૂથ જઈ રહ્યું છે, લાઈફની સાથે માંડેલી બાજીમાં માંડ માંડ તમને એક્કો-દૂરી-તીરી આવે ને હજુ તો તમે એને જોઈને જ ખુશખુશાલ થવામાં હોવ બરાબર એ જ વખતે લાઈફ ત્રણ એકકા કાઢીને બેસે ! બસ, આ જ તો છે લાઈફની પહેલી. યસ, જ્યાં સુધી બાજી ખૂલે નહીં ત્યાં સુધી તો તમે તમારા હાથમાં રહેલા પેલા ત્રણ પત્તાને પંપાળીને કશુક પામ્યાનો સંતોષ લઈ શકો... એચિવ સમથીંગનો ગર્વ લઈ શકો... પણ... પણ... પણ... લાઈફના હાથમાં પત્તાનો તાગ તમે ના લઈ શકો..! બસ, અહી જ તો છે લાઈફની અવળચંડાઈ...તમને તમારા પત્તા દેખાય પણ લાસ્ટ લાફ તો લાઈફનું જ રહેવાનુ ને..!

શું છે કે મોટીવેશનલ સ્પીકર્સ તો તમને 'જિંદગી આમ છે ને જિંદગી તેમ છે' ના ગમે એટલા ડોઝ પીવડાવે તો પણ હકીકત એ છે કે લાઈફનો ડોઝ લાઈફ સિવાય કોઈ જાણી શક્યું નથી અને જાણી શકવાનું નથી. 'જિંદગીને ફીર ઐસા મોડ લીયા' એવું કોઈના મોઢે સાંભળો તો એટલું ચોક્કસ માનજો કે લાઈફના આ અણધાર્યા વળાંકની એને કલ્પના પણ નહોતી. એવું પણ નથી કે લાઈફની દરેક ડીલેવરી પ્રિડીકટ કરવી મુશ્કેલ હોય છે. ઘણીવાર આગામી ગેંદ ઓફબ્રેક થશે કે ગુગલી એનો અંદાજો આવી પણ જતો હોય છે પણ શું છે કે આ અંદાજ દરવખતે સાચો પડે એવું પણ નથી. 'લાઈફ ઈઝ અનપ્રિડીક્ટેબલ' આવું કહેતી વખતે કે સાંભળતી વખતે એટલું યાદ રાખવું કે એ અનિશ્ચિતતા જ લાઈફની બ્યુટી પણ છે અને લાઈફની પળોજળ પણ...! તમે શું સપના જોવો અને લાઈફ ક્યાં સપના સાચા પાડે કે ક્યાં સપના ખોટા એ અનિશ્ચિતતાના આખાયે સિલેબર્સ પર જ તો ટક્યું છે લાઈફનું શિક્ષણ...ભણતર..! કોઈ લેખકે સરસ લખ્યું છે કે 'જીવન અકસ્માતોથી ભરપૂર છે' અને વાત સાચી પણ છે કે ભલે ને સારા હોય કે નરસા પણ મારા ને તમારા જીવનમાં આ અકસ્માતો થયા જ કરતાં હોય છે - આવ્યા જ કરતાં હોય છે, ને કદાચ એટ્લે જ 'જીના ઉસીકા નામ હૈ હસતાં - કિલ્લોલ કરતાં ઘરેથી ગાડીમાં બેસીને પ્રવાસ પર નીકળ્યા હોવ ને રસ્તામાં કાળરૂપી ટ્રકની ટક્કર લાગે ને બે જણાના કમોત થાય એ લાઈફનો અજાણ્યો ખેલ અને એ જ અકસ્માતમાં ત્રણ બચી જાય એ પણ લાઈફની ન ઉકેલી શકાય એવી પહેલી જ કે બીજું કાંઈ ?

આંખોમાં ભવિષ્યના સપનાઓ હોય... પ્રિય પાત્ર કે કુટુંબીઓ સાથે આગામી જિંદગીના બહુબધા પ્લાન્સ હોય... એવામાં લાઈફનો લાગતો ઝટકો એ વાતનો સંકેત છે કે આપણે પ્લાન બનાવી શકીએ પણ એને અમલમાં મૂકવાનું કામ તો જિંદગીના હાથમાં છે - લાઈફના હાથમાં છે. અહી લાઈફ કે જિંદગી એટ્લે જો ઉપરવાળો ગણો તો અલ્ટીમેટલી તો જિંદગી જે તમે જીવવાના છો એની ડોર ક્યારે ખેંચાસે એના વિષે તમે કલ્પના પણ ના કરી શકો. 'બધુ બરાબર સેટ થઈ ગયેલું પણ જિંદગી ઓછી પડી' એ એક એવી કડવી વાસ્તવિકતાનો પરિચય કરાવે છે કે જીંદગીની કોઈપણ પહેલી હું કે તમે સોલ્વ કરી શકવાના નથી... ક્યારેય નહીં..! બને એવું પણ બને કે ક્યાક કોઈ વ્યક્તિ સાથે... કોઈ પરિસ્થિતી સાથે..કોઈ સંજોગો સાથે બરાબરનો રેપો બંધાઈ ગયો હોય ને અચાનક એ વ્યક્તિ - સંજોગ - પરિશ્થિતી હાથમાથી જતી દેખાઈ... પલ્ટાતી દેખાય ત્યારે સમજાય કે જિંદગી એક પહેલીથી જરાપણ ઓછી નથી. કોયડો છે કોયડો...! ગમે એટલું વિચારો કે આમ કેમ થયું પણ એનો કોઈ તાગ કે છેડો મળે જ નહી. હા, જે મળે તે એવા સમાધાનો મળે કે જેનાથી તમે તમારા મન - દિલ - દિમાગને કશુક સમજાવી શકો પણ હકીકતે તો એનો સંપૂર્ણ હલ કે જવાબ મળવો મુશ્કેલ છે. 'હરી ને ગમ્યું એ ખરું' કે પછી 'નસીબમાં નહી હોય' એવા ઠાલા આશ્વાસનો લેવા સિવાય બીજું કશું થઈ શકે પણ નહી...!

'ઘટે તો જિંદગી ઘટે' એ કહેવું જેટલું આસાન છે એટલું જ મુશ્કેલ છે એ ઘટેલી જિંદગીને સ્વીકારવું. એટ્લે જ જિંદગી સાથે મોતનું સ્ટ્રોંગ કનેક્શન છે અને કદાચ મોત જ જીંદગીની સૌથી મોટી પહેલી છે. અણધાર્યું મોત તો પાછું કદી ના ઉકેલી શકાય એવો કોયડો બનીને જીંદગીભર પજવતું રહે. જિંદગી ખૂબસૂરત છે, જિંદગી જીવવા માટે છે. આવા બધા સુવાક્યો તો ત્યારે જ ખોટા પડે જ્યારે જિંદગીના ભયાનક અને કારમા પંજાઓ પડવા માંડે. ઘણીવાર થાય ને કે ગમે એટલી વાર જિગસો પઝલ બરાબર ગોઠવવાના નજીક પહોચી જાવ ને એકાદ જીગ્સો તો આડીઅવળી થઈ જ જાય. જિંદગીના લૂડોમાં આપણે એકસ્પેક્ટ તો છ કરતાં હોઈએ પણ લાઈફ ૨ ને ૧ નાખીને ઊભું રહે એવું પણ બને. સ્વીકારીએ છીએ કે હાર - જીત- ખુશી - ગમ - મોત આ બધુ પાર્ટ ઓફ લાઈફ છે પણ શાંતિથી બેસીને વિચારો તો એમ થાય કે આપણાં ધાર્યા બહાર ચાલેલી દરેક ચાલ એ જીંદગીની ફિતરત છે...એ જીંદગીની ખાસિયત છે... એ જ જિંદગી છે અને એ જ જિંદગીએ આપણને ઉકેલવા આપેલી પહેલીઓ છે - કોયડાઓ છે. કેટલાક પ્રશ્નો હોય છે... કેટલીક ફરિયાદો હોય છે...કેટલાક અફસોસો હોય છે... કેટલાક નિસાસાઓ હોય છે...પણ સરવાળે તો આ બધુ મળીને લાઈફના એવા વિધવિધ રંગો છે જેને ચાહે કોયડા કહો - સંજોગો કહો - ઉખાણાઓ કહો કે પહેલીઓ કહો કે જેને ઉકેલવામાં - સ્વીકારવામાં - સોલ્વ કરવામાં હું ને તમે સતત વ્યસ્ત રહેતા હોય છે અને કદાચ એ જ લાઈફ છે - એનું નામ જ જીવન છે. અમુક કોયડાઓ તમે બીજાને પાસ કરી શકો છો, અમુક ઉકેલવાની કોશિશ કરી શકો છો, અમુક પાર્ટ ઓફ લાઈફ સમજીને સ્વીકારવા પડે છે અને અમુકને તમારે 'આ જ જિંદગી છે' એમ કહીને પડતાં મૂકવા પડે છે. બીકોઝ લાઈફ મસ્ટ ગોઝ ઓન.... જીવન ચાલતું રાખવું પડે છે... ચાલ્યા કરે છે - કોયડાઓની સાથે... અભાવોની સાથે..ફરિયાદોની સાથે....યાદોની સાથે...! જીના ઈસીકા નામ હૈ...!